■ શિશિર રામાવત

# જે ગાંધીજી માટે શક્ય છે તે આપણા માટે શક્ય છે?




**ગાંધીની ચંપલ**

**લેખક:** ગુણવંત શાહ
**પ્રકાશક:** આર.આર. શેઠ ઍન્ડ કંપની, અમદાવાદ-૧, મુંબઈ-૧
**ફોન:** (૦૭૯) ૨૫૫૦ ૬૫૭૩, (૦૨૨) ૨૨૦૧ ૩૪૪૧
**કિંમત:** ₹ ૨૦૦/-
**પૃષ્ઠ:** ૩૦૦

જીવનની સાર્થકતા ચરમસીમા પર પહોંચે ત્યારે એક ઘટના બને છે. માણસ ફક્ત વ્યક્તિ નથી રહેતો એ વિષય બની જાય છે. જનચેતના પર એણે છોડેલી અસર એટલી પ્રચંડ હોય છે કે એના જીવન વિશે સતત ચર્ચાતું રહે છે. એનું કર્મ બદલાતી પેઢીઓના નવા દિમાગોને ટ્રિગર કરતું રહે છે. ગાંધીજી આવો જ એક અદ્ભુત વિષય છે.

ગાંધીજી વિશે ભલે ઑલરેડી પુષ્કળ લખાઈ ચૂક્યું હોય, પણ ગુણવંત શાહ જેવા મૌલિક વિચારક આ મહામાનવ વિશે કલમ ચલાવે અને ગાંધીત્વને એક કરતાં વધારે સંદર્ભમાં ઉઘાડી આપે ત્યારે પરિણામ હંમેશાં આકર્ષક મળવાનું. *ગાંધીની ઘડિયાળ* (૨૦૦૪) અને *ગાંધીનાં ચશ્માં* (૨૦૦૬) પછી આ પુસ્તકમાં પણ ગાંધીજી વિશેનાં વિવિધ પ્રકાશનમાં છપાયેલા એમના લેખોનું સૂઝપૂર્વક સંકલન થયું છે.

*ગાંધીની ચંપલ*માં ગુણવંત શાહ કહે છે: 'મહાત્મા કોને કહેવો? જે માણસ પોતાના વ્યક્તિત્વ (પર્સનાલિટી) કરતાં પોતાના અસ્તિત્વ (બીઈંગ)નો વધારે આદર કરે તે મહાત્મા કહેવાય. પર્સનાલિટી કરતાં બીઈંગને વધારે મહત્ત્વ આપનાર જ કશીક ધાડ મારે છે. વ્યક્તિત્વને જ વધારે મહત્ત્વ આપનાર માણસ દંભના શરણે જાય છે, કારણ કે પર્સનાલિટીનો સંબંધ સમાજના સ્વીકાર સાથે રહેલો છે. અસ્તિત્વનો સંબંધ માંહ્યલા પ્રત્યેની વફાદારી સાથે છે.'

લોકો વાતવાતમાં કહેતા હોય છે: *સત્યની સાધના ગાંધીજીને પોસાય. એ તો મહાત્મા હતા. આપણા જેવા પામર માનવીનું એ ગજું નહીં.* લેખક કહે છે:

'આવું કહેવામાં નથી નમ્રતા કે નથી નિખાલસતા. એમાં તો કેવળ પલાયનવાદ છે. ગાંધીજીના જીવનની એક ખૂબી હતી. જીવન પ્રત્યે વફાદાર એવા સામાન્ય માણસને પણ એવું થાય કે જે ગાંધીજી માટે શક્ય હોય તે મારે માટે અશક્ય નથી. ગાંધીજીએ પણ આત્મકથાની પ્રસ્તાવનામાં લખ્યું: *જે એકને સારુ શક્ય છે તે બધાને સારુ શક્ય છે.* ગાંધીજીનું આ આશ્વાસન આપણા જેવા સામાન્ય માણસોને માટે ખૂબ જ ઉપકારક છે.'

આજે ડિપ્લોમેટ નામના માનવપ્રાણીની બધી જ મુત્સદ્દીગીરીની સફળતાનો આધાર એ જૂઠને કેટલું રૂપાળું સત્ય પહેરાવી શકે છે એ આવડત પર રહેલો છે. ગાંધીજીની તો ડિપ્લોમસી પણ સત્યકેન્દ્રી હતી. *સેક્યુલરિઝમ: ગાંધીનું અને નેહરુનું...* પ્રકરણમાં લેખક લખે છે:

*ગાંધીજીની અહિંસામાં કાયરતાને સ્થાન ન હતું. એમને મુસ્લિમ વોટ બૅન્કની જરૂર ન હતી. બને એટલી વિવેકપૂર્ણ વાણીમાં એમણે મુસલમાનોને પણ કેટલીક કડવી વાતો સ્પષ્ટપણે કહી છે. (એમના ગયા પછી) ગાંધીજનો એક બાબતે ફુલ્લી નાપાસ થયા. એ મુસલમાનોને કડવી વાતો કહેવા માટેની નિર્ભયતા અને તટસ્થતા ન કેળવી શક્યા. આમ કરવાથી એમની ભલાઈને કે સ્વીકૃતિને આંચ ન આવી, પણ સત્ય નંદવાયું એથી ક્ષીણ થયું. એમને એક જ કલ્પિત ભય સતાવતો રહ્યો, આવું કહીએ તો આપણા મુસલમાન ભાઈઓને માઠું નહીં લાગે?*

લેખકનું માનવું છે કે ગાંધીજીના ગયા પછી નેહરુની છાયામાં એક એવું પ્રદૂષિત સેક્યુલરિઝમ શરૂ થયું, જેમાં તર્ક અને ઔચિત્યનો અભાવ હતો. એ કહે છે:

'જો નેહરુજીએ સેક્યુલરિઝમને બદલે સર્વધર્મ સમભાવ પર અને સમાજવાદને બદલે સર્વોદય જેવા બે શબ્દ પર ભાર મૂક્યો હોત તો કદાચ ઈતિહાસ થોડો જુદો હોત.'

લેખકે ગાંધીને ક્રાંતિ (રિવોલ્યુશન) અને ઉત્ક્રાંતિ (ઈવોલ્યુશન) વચ્ચે સંબંધ સ્થાપી શકનારા અવતારી પુરુષ ગણાવ્યા છે. અલબત્ત, એનો અર્થ એવો નહીં કે ગાંધીજીની માનવસહજ ક્ષતિઓ વિશે સ્વસ્થતાપૂર્વક લખવાનું એ ચૂકી ગયા છે, જેમ કે *ગાંધીના બ્રહ્મચર્યના પ્રયોગો*. ગાંધીજીએ પોતાના બ્રહ્મચર્યની ચકાસણી માટે નગ્નાવસ્થામાં નગ્ન સ્ત્રીઓ સાથે એક પથારીમાં શયન સુદ્ધાં કર્યું. દેશને આઝાદી મળી એના આઠેક મહિના પહેલાં જ, ૨-૧૨-૧૯૪૬ની રાતે ગાંધીજી જે સ્ત્રી સાથે નગ્નાવસ્થામાં સૂતા એ મનુબહેનની ઉંમર ફક્ત ૧૯ વર્ષની હતી. આ ઘટનાથી ગાંધીજી સાથે રહેતા અંતેવાસીઓ ખળભળી ઊઠ્યા. *હરિજન*ના બન્ને તંત્રીએ અને સ્ટેનોગ્રાફરે રાજીનામાં આપી દીધાં. સરદાર પટેલ ગુસ્સે થયા, વિનોબાજીએ અસંમતિ દર્શાવી, પુત્ર દેવદાસે ટીકા કરતો પત્ર લખ્યો, પણ ગાંધીજીને કોઈ પસ્તાવો ન હતો. એ દૃઢ હતા.

ગાંધીજીએ પોતાનું બ્રહ્મચર્ય માપવાના આ અતિરેકસભર, અનૌચિત્ય લાગતા અને ઝેરનાં પારખાં જેવા જે અખતરા કર્યા એને લેખકે *ભયંકર પ્રયોગો* કહ્યા છે. એ લખે છે:

'આ વિચાર મહાત્મા ગાંધીનો હોય તોય પૂરી નમ્રતા સાથે એને એબ્સર્ડ (વાહિયાત) કહેવો રહ્યો. વળી, એ પોતાની જાત સાથે જાણે બાથોડિયાં ભરી રહ્યા હોય એવી છાપ પણ પડે છે. બ્રહ્મચર્યનો સંબંધ ચરસ સ્વસ્થતા સાથે છે કે બાથોડિયાં સાથે?' આટલું કહીને લેખક ઉમેરે છે:

'એટલું ચોક્કસ કે આવા જોખમકારક પ્રયોગો જો કોઈ કરી શકે તો એ મહાત્મા ગાંધી જ કરી શકે. ગાંધીજીના સેક્સ અંગેના ભયંકર પ્રયોગો પણ એમના સત્યના પ્રયોગોના ભાગ રૂપે થયા. એ પ્રયોગોમાં ગાંધીજી જો સ્ખલન પામ્યા હોત તો કદાચ એમણે *હરિજન*માં લેખ લખીને પોતાનું મહાત્માપણું પોલું છે એવું લખ્યું હોત.'

લાહોરવાસી શ્રીમતી સરલાદેવી ચૌધરાણી સાથેનો ગાંધીજીનો સંબંધ પણ વિવાદાસ્પદ રહ્યો. સરલાદેવીને એ પોતાનાં *આધ્યાત્મિક પત્ની* કહેતા. ગુણવંત શાહ આ સંબંધને જુદા દૃષ્ટિકોણથી નિહાળે છે:

'આધ્યાત્મિક લગ્નની જે વ્યાખ્યા ગાંધીજીએ આપી છે એમાં કસ્તૂરબાને અન્યાય થાય એવી કઈ બાબત છે? (દેવદાસ, મહાદેવભાઈ, રાજગોપાલાચારી, વગેરેએ વાર્યા એટલે.) ગાંધીજી સરલાદેવીથી અળગા થયા એમાં સરલાદેવીને ભારોભાર અન્યાય થયો છે એવી મારી નમ્ર માન્યતા છે. *પ્લેટોનિક લવ* કેવો હોય એનું એક ઝળહળતું ઉદાહરણ આજની નવી પેઢીને પ્રાપ્ત થયું હોત.'

લેખકની લાક્ષણિક પ્રવાહી શૈલીમાં લખાયેલા ૪૪ જેટલા વિદ્વત્તાપૂર્ણ લેખમાંથી શું ટાંકવું અને કેટલું ટાંકવું? ગાંધીજીને સમજવા માગતા વાચકો તેમ જ ગુણવંત શાહના ચાહકોની અંગત લાઈબ્રેરીમાં જેનું હોવું અનિવાર્ય છે એવું સત્ત્વશીલ પુસ્તક. ■